અપીલ અરજી નં.૪૧૮ તા.૨૫–૩–૦૯

અરજદારઃ શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી,
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરમાર પુરૂષોત્તમ એન.ની તા.૧૯–૨–૦૯ ની અરજીથી તા.૧૪–૮–૦૮ સી.આર.પી.સી. ની કલમ–૧૯૭ અન્વયે શ્રી જે.એમ.પટેલે જવાબ આપેલો કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરેલ છે. ફરીયાદ કરવાની પરવાનગી મેળવવા કરેલ માંગણી અંગે આપશ્રીએ શું કાર્યવાહી કરી, શું પુરાવા લીધા ,શું રીપોર્ટ કરેલ, શું પગલા ભરેલ, તેની માહિતી આપશો તા.૧–૯–૦૮ની આરટીઆઈ અન્વયે આપે જણાવેલછે કે ખાતાકીય ઈન્કવાયરી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે તે અન્વયે તપાસ અધિકારીનું નામ હોદ્દો જણાવવા, કરેલ રીપોર્ટ ,લીધેલ પુરાવા કરેલ ઓર્ડરનીમાહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૫–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૮ /૨૦૦૮–૦૯

શ્રી પરમાર પુરૂષોત્તમ એન.ની તા.૧૯–૨–૦૯ ની અરજીથી તા.૧૪–૮–૦૮ સી.આર.પી.સી. ની કલમ–૧૯૭ અન્વયે શ્રી જે.એમ.પટેલે જવાબ આપેલો કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરેલ છે. ફરીયાદ કરવાની પરવાનગી મેળવવા કરેલ માંગણી અંગે આપશ્રીએ શું કાર્યવાહી કરી, શું પુરાવા લીધા ,શું રીપોર્ટ કરેલ, શું પગલા ભરેલ, તેની માહિતી આપશો તા.૧–૯–૦૮ની આરટીઆઈ અન્વયે આપે જણાવેલ છે. ખાતાકીય ઈન્કવાયરી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે તે અન્વયે તપાસ અધિકારીનું નામ હોદ્દો જણાવવા, કરેલ રીપોર્ટ ,લીધેલ પુરાવા કરેલ ઓર્ડરનીમાહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦૩ તા.૩૧–૩–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.ટીપીડી/૨૬ તા.૨–૪–૦૯ થી અત્રસના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર તેઓના પત્ર નં.ટીપીડી/આ/૧૩ તા.૨–૪–૦૯ થી તેઓ કક્ષાએથી નિયત સમય મર્યાદા બાદ અરજદારને પત્ર પાઠવી સદરહુ પ્રકરણ બાબતે કમિશનરશ્રીની સુચના મુજબ યોગ્ય કાર્યવાહી કરવા સારું ડે.કમિશનર (પઅનેઈ) પ્રતિ રવાના કરવામાં આવે છે જે અંગે યોગ્ય નિર્ણય થયેથી માહિતી આપી શકાશે તેવો પ્રત્યુત્તર અરજદારને પાઠવ્યાની નકલ અત્રે રજુ કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૯–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી થયેલ કાર્યવાહીને સ્પર્શતી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ તેમજ કાર્યવાહી પૂર્ણ થયે માહિતી આપી શકાશે તેમ જણાવેલ હોઈ પ્રસ્તુત તબકકે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) ની જોગવાઈ પાસેની અથવા નિયંત્રણ હેઠળ ની ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ ધ્યાને લેતાં હાલના તબકકે અપીલ અંગે કોઈ હુકમ કરવાપાત્ર રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીપરમાર પુરૂષોત્તમ નાગજી,